For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

મામા સાથે બાઈક પર જઈ રહેલા યુવક સાથે અકસ્માત સર્જાયો

પરશુરામ ભટ્ઠા પાસે પાણી ભરેલા રસ્તા પર બ્રેક મારતાં બાઈક સ્લીપ થઈ જતા યુવકનું મોત

મામા સાથે જતાં યુવક ને નડ્યો અકસ્માત, સંગમ નામનો યુવક ઘાયલ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા શહેરના સયાજીગંજ વિસ્તારમાં પરશુરામ ભટ્ઠા પાસે



વરસાદી પાણી ભરાયેલા રસ્તા પર બે બાઇક વચ્ચે અકસ્માત સર્જાતાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક યુવક ઈજાગ્રસ્ત થયો હતો. રસ્તા પર ભરાયેલા પાણી વચ્ચે સામેથી આવતી બાઇકને બચાવવાના પ્રયાસમાં બાઇકચાલકે કાબૂ ગુમાવતાં બાઇક લપસી ગઈ હતી. અકસ્માતમાં ગંભીર ઈજાઓ થતાં એક વ્યક્તિએ જીવ ગુમાવ્યો હતો. બનાવને પગલે સ્થળ પર લોકોનાં ટોળાં એકત્ર થઈ ગયાં હતાં.

પ્રાથમિક વિગતો મુજબ, પરશુરામ ભટ્ઠા નજીક રસ્તા પર વરસાદી પાણી ભરાયેલું હતું. આ દરમિયાન મામા સાથે બાઇક પર જઈ રહેલા સંગમ નામના યુવકની બાઇક સામેથી આવતી અન્ય બાઇકની સામે આવી હતી. સામેથી આવતી બાઇકને બચાવવા માટે પ્રયાસ કરતાં બાઇકચાલકે અચાનક બ્રેક મારતાં પાણી ભરાયેલા રસ્તા પર બાઇક સ્લીપ થઈ ગઈ હતી. પરિણામે બાઇક પર સવાર બંને વ્યક્તિઓ અકસ્માતનો ભોગ બન્યાં હતાં. જેમાં એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું મોત થયું હતું.

ઈજાગ્રસ્ત સંગમે જણાવ્યું હતું કે, તેઓ પોતાના મામા સાથે બાઇક પર આવી રહ્યા હતા. ત્યારે સામેથી એક બાઇક આવી રહી હતી. તેને બચાવવાના પ્રયાસમાં તેમની બાઇક લપસી ગઈ હતી. સામેથી આવતી બાઇક પણ ઝડપથી આવી રહી હતી. તેમની બાઇકની સ્પીડ આશરે 50ની આસપાસ હતી. રસ્તા પર પાણી ભરાયેલું હોવાથી પાણીની બાજુમાંથી પસાર થતી વખતે સામેથી આવતી બાઇકને બચાવવા જતાં બાઇક કાબૂ બહાર થઈને લપસી ગઈ હતી.

ઘટનાની જાણ થતાં સયાજીગંજ પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. બીજી તરફ, શહેરના રસ્તાઓ પર વરસાદી પાણી ભરાવાને કારણે વાહનચાલકોની સુરક્ષા સામે ફરી સવાલો ઊભા થયા છે.

લાલબાગમાં ટુ-વ્હીલરની ટક્કરે ઘવાયેલી ૨૪ વર્ષીય યુવતીનું મોત

વડોદરાના લાલબાગ સ્વિમિંગ પૂલ પાસે પૂરઝડપે આવેલા ટુ-વ્હીલર ચાલકે રાહદારી રાખી વિશ્વકર્મા (ઉં.વ.24)ને અડફેટે લેતાં ગંભીર ઇજાઓ થઈ હતી. 19 નવેમ્બરે બનેલા અકસ્માતમાં ઘવાયેલી યુવતીને સયાજી હોસ્પિટલમાં દાખલ કરાઈ હતી. જોકે, બે દિવસની સારવાર બાદ 21 નવેમ્બરે તેનું મોત નીપજ્યું હતું. મકરપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

કાલા ઘોડા બ્રિજની નીચે નદી દૂષિત

કરોડોના બજેટ પછી પણ વિશ્વામિત્રી શુદ્ધિકરણ પર લોકોનો વિશ્વાસ ડગમગ્યો

બેરોકટોક ઔદ્યોગિક પ્રદૂષણથી જળચર સૃષ્ટિ પર સંકટ, તંત્રની નિષ્ક્રિયતા સામે ઉઠ્યા સવાલ



(પ્રતિનિધિ) વડોદરા તા.22

શહેરની મધ્યમાંથી પસાર થતી અને વડોદરાની ઓળખ તેમજ જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદી હાલ ભારે પ્રદૂષણની ચપેટમાં આવી ગઈ છે. ખાસ કરીને કાલા ઘોડા બ્રિજની નીચેના વિસ્તારમાં ઉદ્યોગો દ્વારા છોડવામાં આવતા પ્રદૂષિત પાણીને કારણે નદીની હાલત અત્યંત કથળી હોવાની ચોંકાવનારી જમીની હકીકત સામે આવી છે. કાલા ઘોડા બ્રિજની નીચે સહિત નદીના કાંઠે અને પટમાં ઠેર-ઠેર ગંદકીના થર, અસંખ્ય કચરો અને દૂષિત પાણી જોવા મળી રહ્યું છે, જે તંત્રની કામગીરી સામે અનેક સવાલો ઊભા કરે છે.

નદીના દૂષિત પાણીમાંથી સતત નીકળતા ફીણ અને પરપોટા એ ગંભીર ચિંતા જગાવી છે. પાણીમાં ભળતા જોખમી રસાયણો અને ગંદકીને કારણે નદીમાં વસતી જળચર જીવસૃષ્ટિ, નદીના અસ્તિત્વ તેમજ સમગ્ર પર્યાવરણ સામે મોટું જોખમ તોળાઈ રહ્યું છે. દૂષિત પાણીની અસરને કારણે અહીં વસતા મગરોની સંખ્યામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. એક તરફ સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા પર્યાવરણ સંરક્ષણના મોટા-મોટા દાવાઓ કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ ઔદ્યોગિક એકમો દ્વારા બેરોકટોક નદીમાં ગંદા પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો હોવાની ફરિયાદો ઊઠી છે. વિશ્વામિત્રી નદી માત્ર પાણીનો પ્રશ્ન નહીં, પરંતુ વડોદરાના પર્યાવરણ અને શહેરની ઓળખ સાથે જોડાયેલો મહત્વનો વિષય છે. આ ગંભીર પરિસ્થિતિને જોતા ગંદા પાણીના નિકાલ અને ઔદ્યોગિક પ્રદૂષણ સામે સઘન તપાસ કરીને જવાબદાર એકમો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઊઠી છે. નદીની સફાઈ અને સંરક્ષણ માટે અગાઉ અનેક પ્રયાસો થયા હોવા છતાં નદી હજુ પણ ગંદી અને દૂષિત હાલતમાં જ જોવા મળી રહી છે. કરોડોનું બજેટ અને કરોડોનો ખર્ચ થયો હોવા છતાં હવે લોકોને વિશ્વામિત્રી શુદ્ધ થશે કે કેમ તે અંગે જરાય વિશ્વાસ રહ્યો નથી. આ સ્થિતિ માટે જવાબદાર કોને ઠેરવવા અને કુંભકર્ણની નિદ્રામાં સૂતેલું તંત્ર ક્યારે જાગશે તેમજ વડોદરાની આ ઐતિહાસિક નદીને ખરા અર્થમાં ક્યારે પ્રદૂષણમુક્ત બનાવશે, તે હાલ સૌથી મોટો સવાલ બની ગયો છે.

વધુ વ્યાજની લાલચમાં પિતાના રૂ.૩.૯૫ લાખ ફસાયા

સયાજીગંજમાં રોકાણના નામે છેતરપિંડીનો ગુનો નોંધાયો

સહકારી સોસાયટીમાં રોકાણ કરાવ્યા બાદ વર્ષો સુધી નાણાં પરત ન મળતા પરિવારે નોંધાવી ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વધુ વ્યાજ મળશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપી એક મહિલા પાસેથી તેના પિતા મારફતે રૂ.3.95 લાખનું રોકાણ કરાવી છેતરપિંડી કર્યાનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ અકોટા, દિનેશ મિલ રોડ, ઉર્મિ ચાર રસ્તા પાસે શ્રીમદ રેસીડેન્સીમાં રહેતાં નેહા દિપક દોશીએ આરોપી પ્રિતી મરાઠે (રહે. બી-146, જગન્નાથપુરમ સોસાયટી, લાલબાગ) સામે ફરિયાદ નોંધાવી છે. આરોપીએ તા.22 નવેમ્બર 2013થી તા.2 એપ્રિલ 2016ના સમયગાળા દરમિયાન ફરિયાદીના લગ્ન પહેલાં તેમના માતા-પિતાના બી-50, શ્રીનિકપાર્ક, અકોટા સ્ટેડિયમ પાસે આવેલા ઘરે જઈ સમૃદ્ધ જીવન મલ્ટીસ્ટેટ મલ્ટી પર્પઝ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડ કંપનીમાં નાણાંનું રોકાણ કરશો તો વધુ વ્યાજ મળશે તેવી લાલચ આપી હતી. રોકાણ કરેલી રકમ સુરક્ષિત રહેશે અને સમયસર વ્યાજ સાથે પરત મળશે તેવી ખાતરી પણ આપી વિશ્વાસ સંપાદન કર્યો હતો. આ વિશ્વાસમાં ફરિયાદીના પિતા પાસેથી કુલ રૂ.3.95 લાખનું રોકાણ કરાવ્યું હતું.

ત્યારબાદ સદર નાણાં આજદિન સુધી પરત આપ્યાં નથી. વારંવાર નાણાંની ઉઘરાણી કરવા છતાં કોઈ સંતોષકારક જવાબ કે રકમ પરત નહીં મળતાં અંતે પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. આ રીતે ફરિયાદી સાથે છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે સયાજીગંજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હળવદની ૨૦ વર્ષીય યુવતીએ ગુરુદ્વારા સર્કલ મેદાનમાં ઝેરી દવા પીધી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

હળવદના વિનોબા મેદાન વિસ્તારમાં રહેતી 20 વર્ષીય નીતાબેન ઈશ્વરભાઈ દેવીપૂજકે રવિવારે સવારે ગુરુદ્વારા સર્કલ મેદાન ખાતે અગમ્ય કારણોસર ઉંદર મારવાની ઝેરી દવા પી લેતાં ચકચાર મચી હતી. બનાવની જાણ થતાં 108 એમ્બ્યુલન્સ મારફતે યુવતીને તાત્કાલિક સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ નીતાબેન રવિવારે સવારે આશરે 11 વાગ્યે ગુરુદ્વારા સર્કલ મેદાન પહોંચ્યાં હતાં. ત્યાં તેમણે ઝેરી દવા પી લેતાં તબિયત લથડી હતી. ઘટનાને પગલે આસપાસના લોકોમાં દોડધામ મચી હતી. 108ની ટીમે સ્થળ પર પહોંચી પ્રાથમિક સારવાર આપી યુવતીને હોસ્પિટલ પહોંચાડી હતી. હાલ તબીબો દ્વારા તેમની સારવાર કરવામાં આવી રહી છે. યુવતીએ કયા કારણોસર આ પગલું ભર્યું તે અંગે હજુ કોઈ સ્પષ્ટતા થઈ નથી. વધુ વિગતો મેળવવા તજવીજ હાથ ધરાઈ છે.

તા.૨૪ના બપોરે 1 વાગ્યાથી તા.૨૫ ના સવારે ૫ વાગ્યા સુધી જાહેરનામું અમલમાં

ભગવાન નરસિંહજીના વરઘોડા નિમિત્તે શહેરમાં ટ્રાફિક ડાયવર્ઝન, અનેક રસ્તા બંધ

વાહનચાલકોએ વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

ભગવાન નરસિંહજીના તુલસી વિવાહ લગ્નના વરઘોડા નિમિત્તે શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા જાળવવા પોલીસ તંત્ર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું તા.24 ના બપોરે 1 વાગ્યાથી તા.25 ના સવારે 5 વાગ્યા સુધી અથવા વરઘોડો પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

વરઘોડાનો રૂટ તા.24 ના બપોરે 3 વાગ્યે માંડવી, નરસિંહજીની પોળમાં આવેલ મંદિરથી વરઘોડો નીકળશે. એમ.જી. રોડ, માંડવી દરવાજા, વિઠ્ઠલજી મંદિર, બેંક રોડ, ચાંપાનેર દરવાજા, અડાણીયાપુલ, ફતેપુરા, કુંભારવાડા થઈ તુલસીવાડી મંદિરે પહોંચશે. લગ્નવિધિ બાદ મોડી રાત્રે એ જ માર્ગે પરત ફરી તા.25 ના સવારે 5 વાગ્યે મંદિરે પહોંચશે. નો-પાર્કિંગ લહેરીપુરા દરવાજાથી એમ.જી. રોડ, માંડવી, બેંક રોડ, યાંપાનેર દરવાજા, અડાણીયાપુલ, ફતેપુરા થઈ તુલસીવાડી મંદિર સુધીના રોડની બંને બાજુ નો-પાર્કિંગ ઝોન જાહેર કરાયો છે. ડાયવર્ઝન રૂટ લહેરીપુરા, નાની શાકમાર્કેટ, ચોખંડી, ગેંડીગેટ, આયુર્વેદિક કોલેજ, પાણીગેટ, સંગમ, વિજયનગર, મંગલેશ્વર ઝાંપા બ્રિજ અને તુલસીવાડી બ્રિજ તરફથી માંડવી તરફ જતા વાહનોને પ્રવેશ બંધ રહેશે. વાહનચાલકોએ સાધના ટોકીઝ, વીર ભગતસિંહ ચોક, બકરાવાડી, બરાનપુરા, સંત કબીર રોડ, શાસ્ત્રી બાગ રોડ, હરણખાના રોડ, ગાજરાવાડી, કારેલીબાગ, વી.આઈ.પી. રોડ જેવા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવાનો રહેશે. બસ સેવા સ્ટેશનથી માંડવી વાયા ટાવર, ન્યાયમંદિર તરફ જતી સિટી બસો કાલાઘોડા, નરહરી સર્કલ, ફતેગંજ, સંગમ થઈ વારસીયા રીંગ રોડ તરફ જશે. ગ્રામ્ય એસ.ટી. બસો ભુતડીઝાંપાથી કાસમઆલા, તુલસીવાડી બ્રિજ, કારેલીબાગ પાણીની ટાંકી થઈ હાલોલ-સાવલી તરફ જશે. અડાણીયાપુલ અને ફતેપુરા ચાર રસ્તા પર ફક્ત રોડ ક્રોસ માટે એક્સેસ અપાશે, વરઘોડાના રૂટ પર જઈ શકાશે નહીં. પોલીસ, એમ્બ્યુલન્સ, ફાયરબ્રિગેડ અને ઈમરજન્સી વાહનોને મુક્તિ અપાઈ છે.

ટ્રાફિક જાહેરનામા દરમિયાન માંડવી, ટાવર, ન્યાયમંદિર અને પાણીગેટ તરફ જતી સિટી બસોને વૈકલ્પિક માર્ગે દોડાવવામાં આવશે. રેલવે સ્ટેશનથી બસો કાયાવરોહણ સર્કલ, નરહરિ સર્કલ, ફતેગંજ, એલ એન્ડ ટી સર્કલ, મુક્તાનંદ ત્રણ રસ્તા અને સંગમ ચાર રસ્તા થઈ વારસિયા રિંગ રોડ તરફ જઈ શકશે.

ઓનલાઈન સટ્ટાના અડ્ડા પર દરોડો, રૂ.૧.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

મધ્યપ્રદેશના શખ્સ પાસેથી માસ્ટર આઇડી મેળવી અન્ય લોકોને આઇડી વેચી જુગાર રમાડતો હતો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 22

વડોદરા શહેરમાં ઓનલાઈન જુગારના નેટવર્ક સામે એલસીબી



ઝોન-4એ કાર્યવાહી કરી કારેલીબાગ વિસ્તારમાં ચાલતા ક્રિકેટ-ફૂટબોલ સટ્ટા અને કસીનો ગેમના ઓનલાઈન જુગારનો પર્દાફાશ કર્યો છે. કારેલીબાગ રોડ પર થિયોસોફિકલ સોસાયટી સામે આવેલા નિસાત કોમ્પ્લેક્સમાંથી ઓનલાઈન જુગારનું સંચાલન કરતા મોહંમદ અમ્માર સફીકભાઈ શેખને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી મોબાઈલ, રોકડ રકમ અને વાહન સહિત રૂ.1.70 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે, આરોપી મોહંમદ અમ્માર શેખે પોતાના આર્થિક લાભ માટે મધ્યપ્રદેશના રાજગઢમાં રહેતા સુલતાન ખાન પાસેથી માસ્ટર આઈડી મેળવી હતી. આ આઈડીના માધ્યમથી ઓનલાઈન ક્રિકેટ અને ફૂટબોલ મેચના સટ્ટા ઉપરાંત કસીનોની વિવિધ ગેમમાં નાણાંની હારજીતનો જુગાર રમાડવામાં આવતો હતો. આરોપી માસ્ટર આઈડીના આધારે અન્ય શખ્સોને પણ નાણાં લઈને જુગાર રમવા માટે અલગ-અલગ આઈડી વેચતો હતો. આ રીતે ઓનલાઈન સટ્ટા અને જુગારનું નેટવર્ક ચલાવવામાં આવતું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

આ મામલે એલસીબી ઝોન-4 દ્વારા મોહંમદ અમ્માર શેખ ઉપરાંત તોસીફ માજીદ શેખ (રહે. જલાલપુરા, જંબુસર), ફૈઝલ ઈકબાલ ફકુભાઈ મલેક (રહે. જેતલપુર, વડોદરા) અને ગુલામ રસુલ ઉર્ફે મુન્ના ચાચુ અમીરભાઈ મલેક (રહે. પાદરા) સહિતના શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

બોડેલી-જબુગામ વચ્ચેના ડાયવર્ઝનના કારણે વાહનોની લાંબી કતાર

બોડેલી મેરીયા બ્રિજ પાસે ટ્રકનું ડીઝલ ખૂટી જતાં એક કિલોમીટર ટ્રાફિક જામ!

નાના વાહનચાલકો ભારે હાલાકીમાં

(પ્રતિનિધિ) બોડેલી

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી અને જબુગામ વચ્ચે મેરીયા બ્રિજ પાસે નેશનલ હાઈવે નંબર 56 પર ટ્રાફિક જામના દૃશ્યો સર્જાયા હતા. મેરીયા બ્રિજ પર ભારે વાહનોની અવરજવર પર પ્રતિબંધ હોવાના કારણે બાજુમાં બનાવવામાં આવેલા ડાયવર્ઝન માર્ગ પરથી વાહનોને પસાર કરવામાં આવી રહ્યાં છે. દરમિયાન ડાયવર્ઝન પરથી પસાર થતી એક ટ્રકનું અચાનક ડીઝલ ખૂટી જતાં ટ્રક રસ્તાની વચ્ચે જ બંધ થઈ ગઈ હતી.

ટ્રક બંધ થઈ જવાના કારણે ડાયવર્ઝન માર્ગ પર વાહનોની અવરજવર અટકી પડી હતી. પરિણામે નાના-મોટા વાહનો મુખ્ય હાઇવે પર આડેધડ ઊભાં



રહેતાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. એક ટ્રકના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. ખાસ કરીને બાઈકચાલકો અને નાના વાહનચાલકો લાંબા સમય સુધી ટ્રાફિકમાં ફસાઈ રહેતાં પરેશાન થયા હતા.

બીજી તરફ મેરીયા બ્રિજ પરથી ભારે વાહનોને પસાર થવા દેવામાં આવતા ન હોવાથી ટ્રાફિકની સમસ્યા હળવી કરવામાં પણ મુશ્કેલી પડી હતી. ડાયવર્ઝન પર સર્જાયેલી આવી સ્થિતિને કારણે વાહનચાલકોમાં તંત્રની વ્યવસ્થા સામે નારાજગી જોવા મળી રહી છે.

સ્થાનિક લોકો અને વાહનચાલકો દ્વારા મેરીયા બ્રિજ પર ભારે વાહનોની અવરજવર ફરી શરૂ કરવામાં આવે અથવા ડાયવર્ઝન માર્ગ પર યોગ્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવે તેવી લોકમાંગ ઉઠી રહી છે.

ફાજલપુરની કંપનીમાં વીજ કરંટ લાગતાં 19 વર્ષીય યુવકનું મોત

(પ્રતિનિધિ) વડોદરા તા 22


વડોદરા જિલ્લાના વરણામા પોલીસ સ્ટેશનની હદમાં ફાજલપુર ગામની સીમમાં આવેલી ઈમેન્સ ઈન્ડસ્ટ્રીયલ કંપનીમાં વીજ કરંટ લાગતાં 19 વર્ષીય યુવકનું કરુણ મોત નીપજ્યું હતું. મૂળ બિહારના છપરા જિલ્લાનો અને હાલ અટલાદરા વિસ્તારમાં કલાલી ફાટક પાસે ચામુંડા નગરમાં રહેતો રાજકુમાર જીતેન્દ્ર તિવારી કંપનીમાં નોકરી કરતો હતો.

ગત 21 નવેમ્બરના રોજ સવારે 6થી 11:45 વાગ્યાના સમયગાળા દરમિયાન કંપનીના કમ્પાઉન્ડના ખુલ્લા ભાગમાં કામકાજ દરમિયાન તેને અકસ્માતે વીજ કરંટ લાગ્યો હતો. ગંભીર હાલતમાં તેને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસી મૃત જાહેર કર્યો હતો. બનાવને પગલે કંપનીમાં ચકચાર મચી હતી. આ અંગે વરણામા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માજીદખાન પઠાણ ઈન્ફીનીટી બોક્સ ડેવલોપર્સના માલિક છે

ધ વિસ્ટા સ્કીમના નામે ૪૦ લાખનું રોકાણ કરાવી છેતરપિંડી, બિલ્ડર સામે ફરિયાદ

સ્કીમ વિવાદમાં હોવાનું અને બાંધકામ બંધ હોવાનું જાણવા છતાં લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધાનો આરોપ



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરના ફતેગંજ વિસ્તારમાં બિલ્ડર દ્વારા રૂ.40 લાખની છેતરપિંડી આચર્યાનો કિસ્સો સામે આવ્યો છે. વિવાદિત સ્કીમમાં રોકાણ કરાવી રૂપિયા પરત ન આપ્યા કે ફ્લેટનું બુકિંગ ન આપ્યું હોવાની ફરિયાદ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

ફરિયાદ મુજબ ફતેગંજ, પોસ્ટ ઓફિસ પાસે હેમદિપ ફ્લેટમાં રહેતા રવિન્દ્ર યશવંતરાય પરમારે આરોપી માજીદખાન ઝફરૂલ્લાખાન પઠાણ રહે. ખાન બિલ્ડીંગ, સંસ્કાર સ્કુલની પાછળ, ફતેગંજ સામે ફરિયાદ નોંધાવી છે. આરોપી ઈન્ફીનીટી બોક્સ ડેવલોપર્સના માલિક છે. આરોપીએ તા.27 ડિસેમ્બરસર 2024 ના રોજ ફતેગંજ ખાતે આવેલી ધ વિસ્ટા જીમખાના રોડ પરની સ્કીમમાં ફરિયાદી પાસેથી રૂપિયા પડાવી લેવાના ઈરાદે તેમની સ્કીમ વિવાદમાં હોવાનું અને બાંધકામ બંધ હોવાનું સારી રીતે જાણતા હોવા છતાં ફરિયાદીને લોભામણી વાતો કરી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ આરોપીએ પોતાની ધ વિસ્ટા નામની સાઈટમાં ફરિયાદી પાસે રૂ.40 લાખ જેટલી મોટી રકમનું રોકાણ કરાવ્યું હતું. ત્યારબાદ આજદિન સુધી તેમના રૂપિયા પરત આપ્યા નથી કે કોઈ ફ્લેટનું બુકિંગ પણ આપ્યું નથી. આ રીતે ફરિયાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ બનાવ અંગે ફતેગંજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કલાલી રોડની શ્યામ આઈકોન બિલ્ડીંગના વીજ મીટર બોક્સમાં આગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરના કલાલી રોડ પર સહજાનંદ ડુપ્લેક્સની બાજુમાં આવેલી શ્યામ આઈકોન બિલ્ડીંગના વી-વિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર વીજ મીટર બોક્સમાં શોર્ટ સર્કિટના કારણે અચાનક આગ લાગતાં અફરાતફરી મચી હતી. આગને કારણે બિલ્ડીંગમાં ધુમાડો ફેલાતાં રહેવાસીઓ ગભરાઈને બહાર દોડી આવ્યા હતા.

બનાવની જાણ સંજયભાઈ મોદીએ ફાયર બ્રિગેડને કરતાં નંદકિશોર અને તેમની ટીમ તાત્કાલિક સ્થળે પહોંચી હતી. સાથે જ અટલાદરા જીઈબી સબ ડિવિઝનની ટીમ પણ દોડી આવી હતી. ફાયર જવાનોએ ફાયર એક્સ્ટિંગ્યુશરની મદદથી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ વીજ મીટરો બળીને ખાખ થઈ ગયા હતા. આગને પગલે ખોરવાયેલો વીજ પુરવઠો જીઈબીના કર્મચારીઓએ સમારકામ બાદ પુનઃ શરૂ કર્યો હતો.

રોકાણના નામે છેતરપિંડીનું કૌભાંડ

સમૃદ્ધ જીવન સોસાયટીના નામે ઠગાઈ, પીડિતોની કતાર લાંબી થઈ

વધુ વ્યાજ મળશે કહીને ૪.૫૦ લાખ ખંખેરી લીધા!

દસ વર્ષથી પૈસા માટે ધક્કા ખાતા વેપારીએ આખરે પોલીસનો દરવાજો ખખડાવ્યો, બે સામે ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરામાં વધુ વ્યાજની લાલચ આપી રોકાણકારોને છેતરવાનું કૌભાંડ ફરી ચર્ચામાં આવ્યું છે. સમૃદ્ધ જીવન સોસાયટીના નામે રૂપિયા રોકાવીને આજદિન સુધી પરત ન આપ્યા હોવાની વધુ એક ફરિયાદ સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

એલેમ્બીક રોડ પર અલકાનગર સોસાયટીમાં રહેતા જ્યુડ ડોમનીક ડિસોઝાએ દિવાળીપુરાના શેખર જોશી અને વિશ્વામિત્રીના સચિન કદમ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ બંને આરોપીઓ વર્ષ 2014 અને 2015 માં ફરિયાદીના ઘરે આવ્યા હતા. સમૃદ્ધ જીવન મલ્ટીસ્ટેટ મલ્ટી પર્પઝ કો-ઓપરેટીવ સોસાયટી લિમિટેડમાં રોકાણ કરશો તો બેંક કરતાં ઘણું વધુ વ્યાજ મળશે, તેવી લોભામણી વાતો કરી તેમને વિશ્વાસમાં લીધા હતા. આ વાતોમાં આવી જઈ ફરિયાદીએ બે તબક્કામાં કુલ રૂ.4.50 લાખનું રોકાણ કર્યું હતું. જોકે, વર્ષો વીતી ગયા છતાં મુદ્દલ કે વ્યાજ કંઈ જ પરત મળ્યું નથી. વારંવાર માંગણી કરવા છતાં આરોપીઓએ પૈસા આપ્યા ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આખરે કંટાળીને ફરિયાદીએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા સયાજીગંજ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

માંજલપુરમાં કરંટ લાગતા ૪૨ વર્ષીય વ્યક્તિનું મોત

(પ્રતિનિધિ) વડોદરા. તા.૨૨

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં પાણી ગરમ કરતી વખતે વીજ કરંટ લાગતાં 42 વર્ષીય અશોકભાઈ નામદેવ પાટીલનું કરુણ મોત નીપજ્યું હતું. અલવાનાકા નજીક સત્યનારાયણ નગરમાં રહેતા અશોકભાઈ રવિવારે સવારે આશરે 9 વાગ્યે ઘરના હોલમાં પાણી ગરમ કરી રહ્યા હતા. આ દરમિયાન અચાનક વીજ કરંટ લાગતાં તેઓ બેભાન થઈને નીચે પડી ગયા હતા.

પરિવારજનો તેમને તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલ લઈ ગયા હતા, જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં માંજલપુર પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો નોંધ્યો છે. વીજ કરંટ કયા ઉપકરણમાંથી લાગ્યો તે અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

ઝેપ્ટોનો હેલ્પલાઈન નંબર શોધતી મહિલાનો મોબાઈલ હેક કરી રૂ.૫૫ હજાર ઉપાડી લીધા

ગૂગલ પર મળેલા નંબર પર સંપર્ક કરતાં ગઠિયાએ વોટ્સએપ પર 'કસ્ટમર સપોર્ટ' એપ મોકલી; એપ ઇન્સ્ટોલ કરતાની સાથે જ બેંક ખાતામાંથી નાણાંની ઉચાપત

(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વડોદરા શહેરમાં ઓનલાઈન છેતરપિંડીનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ગૂગલ પર ઝેપ્ટોનો હેલ્પલાઈન નંબર શોધીને સંપર્ક કરવો વારસીયા વિસ્તારની એક મહિલાને ભારે પડ્યો હતો. સાયબર ગઠિયાએ વોટ્સએપ પર એપ્લિકેશન મોકલી મોબાઈલ હેક કરી મહિલાના બેંક ખાતામાંથી રૂ.55 હજાર ઉપાડી લેતાં વારસીયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ વારસીયા રીંગ રોડ પર ઘનશ્યામ પાર્ક સોસાયટીમાં રહેતાં વિનીતાબેન જીતેન્દ્રભાઈ માધવદાસ મતનાનીએ તા.11ના રોજ ઝેપ્ટો એપ્લિકેશન મારફતે દૂધ અને દહીંનો ઓર્ડર આપ્યો હતો. જોકે, ઓર્ડર મળ્યો ન હોવાથી તેમણે ગૂગલ પર ઝેપ્ટોનો હેલ્પલાઈન નંબર શોધ્યો હતો. ત્યાં મળેલા નંબર પર સંપર્ક કરતાં અજાણ્યા શખ્સે વોટ્સએપ પર 'કસ્ટમર સપોર્ટ' નામની એપ્લિકેશન મોકલી હતી અને તેને ઈન્સ્ટોલ કરવાનું જણાવ્યું હતું.

મહિલાએ એપ ઈન્સ્ટોલ કરતાં જ ગઠિયાએ તેમનો મોબાઈલ હેક કરી બેંકિંગ સંબંધિત માહિતી મેળવી લીધી હતી. ત્યારબાદ ઈન્ડિયન બેંકના ખાતામાંથી ઈલેક્ટ્રોનિક માધ્યમથી રૂ.55 હજાર ઉપાડી લીધા હતા. પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થતાં મહિલાએ પોલીસનો સંપર્ક કર્યો હતો. આ અંગે વારસીયા પોલીસે ગુનો નોંધી સાયબર ગઠિયાને શોધવા વધુ તપાસ હાથ ધરી છે.

યુકેના વર્ક વિઝાના નામે રૂ.૧૯.૭૭ લાખની છેતરપિંડી

વિદેશ જવાનું સપનું બતાવી લાખોની ઠગાઈ ગઠિયાએ બે મિત્રોને બનાવ્યા નિશાન

મેડિકલ-બાયોમેટ્રિક કરાવ્યા બાદ વિઝા ન આપ્યો, માંગણી કરતાં થોડા પૈસા પાછા આપી બાકીના ઓળવી ગયો



(પ્રતિનિધિ) વડોદરા, તા.22

વિદેશમાં નોકરીનું સપનું જોઈ રહેલા બે મિત્રોને યુકેના વર્ક વિઝાનું પ્રલોભન આપી રૂ.19,77,466ની છેતરપિંડી કર્યાનો કિસ્સો સામે આવ્યો છે. આ અંગે હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદના ધોળકા ખાતે રહેતા સિદ્ધાર્થ રૂદ્રસિ